# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

Ref No. PN 2024-25/086 Dt. 16/09/2024

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# નાયલોન ફિલામેન્ટ યાર્ન પર કોઈ પણ પ્રકારની એન્ટી ડમ્પિંગ ડયૂટી નહીં લગાવવા, QCOની સાથે નહીં જોડવા તથા પ્રતિબંધિત કેટેગરીમાં નહીં મૂકવા માટે SGCCIની ટેક્ષ્ટાઇલ મંત્રાલયને રજૂઆત

## ટેક્ષ્ટાઇલ મંત્રાલય દ્વારા નાયલોન ફિલામેન્ટ યાર્ન સંદર્ભે મંગાયેલા અભિપ્રાયને પગલે વિવિંગ અને નીટિંગ એસોસીએશનના પ્રતિનિધિઓ સાથે મિટીંગ કરી નિર્ણય લેવાયો : શ્રી વિજય મેવાવાલા

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી વિજય મેવાવાલા એક અખબારી યાદીમાં જણાવે છે કે, નાયલોન સ્પીનર્સ એસોસીએશન દ્વારા ટેક્ષ્ટાઇલ મંત્રાલયને નાયલોન ફિલામેન્ટ યાર્ન પર એન્ટી ડમ્પિંગ ડયૂટી લગાવવા અથવા BCD વધારવા અથવા તેને પ્રતિબંધિત કેટેગરીમાં મુકવા અથવા QCOમાં કમ્પલસરી જોડવા માટે વિનંતી કરવામાં આવી હતી. આ સંદર્ભે ટેક્ષ્ટાઇલ મંત્રાલય દ્વારા ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી તથા વિવિંગ અને નીટિંગ એસોસિએશનનો અભિપ્રાય માંગવામાં આવ્યો હતો.

આ સંદર્ભે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શુક્રવાર, તા. ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ વિવિંગ અને નીટિંગ એસોસિએશનના પ્રતિનિધિઓ સાથે મીટીંગ યોજાઇ હતી. જેમાં કરવામાં આવેલી વિસ્તૃત ચર્ચા વિચારણાને અંતે નાયલોન ફિલામેન્ટ યાર્ન પર કોઈ પણ પ્રકારની એન્ટી ડમ્પિંગ ડયૂટી નહીં લગાવવા તથા QCOની સાથે નહીં જોડવા તથા પ્રતિબંધિત કેટેગરીમાં નહીં મૂકવા માટે ટેક્ષ્ટાઇલ મંત્રાલયને રજૂઆત કરવામાં આવે તેમ નકકી થયું હતું.

દરમ્યાન આ સંદર્ભે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ટેક્ષ્ટાઇલ મંત્રાલયને રજૂઆત કરી જણાવવામાં આવ્યું હતું કે, વર્ષ ૨૦૧૮માં જ્યારે નાયલોન ફિલામેન્ટ યાર્ન પરથી એન્ટી ડમ્પિંગ ડયૂટી હટાવવામાં આવી તે સમયે કેન્દ્રીય ટેક્ષ્ટાઇલ મંત્રાલય તથા ટેક્ષ્ટાઇલ કમિશનર ઓફિસના અધિકારીઓ દ્વારા નાયલોનનો ટેક્ષ્ટાઇલ કલસ્ટરમાં જે ઉપયોગ થતો હતો તે તમામનો સ્થળ તપાસ કરી જાત માહિતી મેળવી નાણાં મંત્રાલયને એન્ટી ડમ્પિંગ ડયૂટી નહીં લગાવવા જણાવવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૧૮ પછી ભારતમાં નાયલોન ફિલામેન્ટ યાર્ન બનાવવારા ઘણા ઉત્પાદકો જેવા ટોડી રેયોન પ્રા.લિ., સાલાસર ફિલામેન્ટ્સ પ્રા.લિ., એગ્લોન ઇન્ડસ્ટ્રીઝ પ્રા.લિ. પીએનપી પોલિમર્સ પ્રા.લિ. વિગેરે ઉત્પાદકો દ્વારા પોતાની ઉત્પાદન ક્ષમતામાં વધારો થયો હતો. વર્ષ ૨૦૧૮ પછી એન્ટી ડમ્પિંગ ડયૂટી હટાવવામાં આવી હતી, તેમ છતાં ભારતમાં તેના ઉત્પાદનમાં વધારો નોંધાયો હતો.

વધુમાં, નાયલોન ફિલામેન્ટ યાર્નની ઘણી વેરાયટીઓ જેવી કે ૩૦૦/૧૦ રાઉન્ડ બ્રાઇટ મધર યાર્ન, ૨૫૦/૧૦ રાઉન્ડ બ્રાઇટ મધર યાર્ન કે જેનો સૌથી મોટો વપરાશ વાર્પ નીટિંગ ક્ષેત્રે થાય છે એની ભારતમાં ઉપલબ્ધતા નહીવત જેવી છે અને જે પણ મળે છે એ ઓછી ગુણવત્તાવાળું મળે છે. ૭૦/૬૮ ફુલ ડલ એફડીવાય યાર્ન જેનો કોઇ પણ પ્રકારનું ઉત્પાદન ભારતમાં થતું નથી.

પોલિએસ્ટર યાર્ન પર કમ્પલ્સરી QCO લાગવાના કારણે ભારતીય બજારમાં પોલિએસ્ટર યાર્નની કિંમત, વૈશ્વિક માર્કેટ કરતા ઘણી ઊંચી છે તથા અમુક સ્પેશ્યાલિટી યાર્ન જે ભારતમાં બનતા નથી તેની ભયંકર શોર્ટેજ ઉભી થઇ છે. એના કારણે ભારતમાં તૈયાર કાપડની આયાતમાં ખૂબ મોટો વધારો થયો છે. કારણ કે, ભારતના આજુબાજુના દેશોમાં આપણા કરતા સસ્તું યાર્ન મળી રહયું છે, આથી તેઓ દ્વારા બનાવવામાં આવતું તૈયાર કાપડ ભારતમાં યાર્નની કિંમતમાં મળી રહે છે.

ભારતમાં નાયલોન ફિલામેન્ટ યાર્ન પર QCO લાગે અથવા તેને પ્રતિબંધિત કેટેગરીમાં મૂકવામાં આવે તો એવા સંજોગોમાં પાકિસ્તાન, વિયેતનામ, બાંગ્લાદેશ તથા ઘણા એશિયાન દેશોમાં બનતું કાપડ, ભારતમાં બનતા કાપડ કરતા સસ્તું બની રહેશે. આમાં ઘણા દેશો સાથે આપણું FTA પણ છે તેવા સંજોગોમાં આ દેશોમાંથી તૈયાર કાપડની આયાત વધી જશે.

ઉપરોકત તમામ બાબતોને ધ્યાનમાં રાખીને ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ટેક્ષ્ટાઇલ મંત્રાલયને રજૂઆત કરવામાં આવી છે કે, નાયલોન ફિલામેન્ટ યાર્ન પર હાલમાં status quo (યથાસ્થિતિ જાળવી રાખવી) મેઇન્ટેન કરવામાં આવે.